ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભરાઈ જાય ખાલીખમ નર્મદા પાણી ફરે છે!*
*વાયદા અને વચનો પર પછી, પાણી ફરે છે!*
*ફરે છે પાણી, હારેલા નેતાની મહેનત પર -*
*ને ગરીબોની આશા-ઉમ્મીદ પર પાણી ફરે છે*

**હાઈકુ**

*ચૂંટાયા પછી,*
*'વંદન' - હાથ હેઠા -*
*ને ઉડે સ્મિત !!*

*ધ્યાન રાખજો !*
*ભટકે છે તડકે -*
*લેશે બદલો !*

### ચિંતન

**અવ્યક્તનામ્ની પરમેશશક્તિ રનાધવિધા ત્રિગુણાત્મિકા પરા ।**
**કાર્યાનુમેયા સુધિયૈવ માયા યય જગત્ સર્વમિદં પ્રસૂયતે ॥**

ઉપરોક્ત શ્લોક વિવેચ ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

'અવ્યક્ત' એવા નામ વાણી અનાદિ અવિદ્યા સત્વાદિ ત્રણ ગુણોવાળી પરમાત્માની પરાશક્તિ એવી બુદ્ધિશાળીઓ વડે જ જગતરૂપી કાર્યથી અનુમાન કરાતી માયા છે, જેનાથી આ સઘળું જગત ઉત્પન્ન થાય છે.

'માયા' નું સ્વરુપ ખૂબ જ રહસ્યમય છે જે દેખાય છે તે હોતું નથી છતાં સંપૂર્ણ સ્વરુપથી જાણે તે દેખાય છે. કોઈ ભેદ કે રહસ્યમય બીના વડે જાત અનુભવથી જોયું છે કે પથારીની આસપાસ બારી પાસે અનેક જીવડાં અર્ધરાત્રિએ મને ઘેરીને બેઠાં છે ડઘાઈ જવાય એવો ભયની કમકમી થઈ જાય - પણ તેના પર 'ટોર્ચ' નાખતાં ત્યાં કશું જ હોતું નથી. માયા ને હું પૂછું પણ ખરો આનો સંકેત શું છે ? પણ અનુત્તર.

સગળું જગત આવું જ માયાવી છે.

### સુવિચાર

- પ્રભુએ મને જે અનેક અધિકાર આપેલા છે તેમાં પૃથ્વી ઉપરના લોકોના પાપની ક્ષમા આપવાનો અધિકાર સૌથી શ્રેષ્ઠ છે - **ઈશુ ખ્રિસ્ત**
- પુરુષાર્થી તે છે કે જે ભાગ્યની રેખા બદલી શકે - **વિશ્વભંર ત્રિપાઠી**
- પૈસાનો નાશ, મનનો સંતાપ, ઘરના દૂષણો, કોઈથી ઠગાવું અને અપમાન એટલી વાતો ડાહ્યા માણસોએ બીજાને કહેવી નહીં - **નીતિશાસ્ત્ર**
- પૃથ્વીમાં ગમે ત્યાં ખોદી જુઓ !! બધે જ હીરા જ ભર્યા છે,
શરત માત્ર એટલી કે ખોડતી વખતે તમારામાં શ્રદ્ધા ખેડૂતની જોઈએ - **ખલિલ જિબ્રાન**
- પ્રાર્થનામાં માંગણી મૂકવી એનો અર્થ એ કે તમને પરમાત્મામાં વિશ્વાસ નથી - **વલ્લભાચાર્યજી**
- પાટલૂન માટે કોટે ચડવું એટલે ઉપરનું પહેરણ પણ ગુમાવવું - **જસ્ટીમ મ્હાત્રે**
- આજનું ઔષધ : દ્રાક્ષની સિઝનમાં બહેનો એ સવાર સાંજ ૫૦-૫૦ દાણા દ્રાક્ષ ખાવાથી માસિક રોગમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નાનપણથી જ થોમસ આલ્વા એડિસનને વિજ્ઞાનની ચોપડીઓ વાંચવાનો શોખ હતો. એડિસનની માતાએ તેમને એક વૈજ્ઞાનિક પાસે કામમાં મદદ કરવા માટે મૂક્યા હતા. પહેલા જ દિવસે તે વૈજ્ઞાનિક એડિસનના વિજ્ઞાનમાં રસ, જ્ઞાન, પ્રતિભા અને શિખવાની ધગશ ચકાસવા માંગતા હતા. એડિસનને કંઈક વિજ્ઞાનને લગતું કામ આપવાને બદલે પેલા વૈજ્ઞાનિકે હાથમાં ઝાડુ પકડાવી દીધું કહ્યું, 'મારા આખા ઘરની, લાઈબ્રેરીની તથા પ્રયોગશાળાની સફાઈ કરી આપ.' એડિસને સામે કોઈ પણ જાતના પ્રશ્ન કર્યા વિના આખુ ઘર લાઈબ્રેરી તથા પ્રયોગશાળા ચકચકિત કરી દીધું. દિવાલો ચમકાવી દીધી. પુસ્તકો વિષય અનુસાર ગોઠવ્યા. જૂના છાપા અને મેગેઝીનો તારીખ પ્રમાણે બંડલ બનાવી રાખ્યા. આખો દિવસ એડિસને મન દઈને કામ કર્યું કે વૈજ્ઞાનિક ખુશ થઈ ગયા. એડિસન આવી પરિક્ષામાં ઉતીર્ણ થયા. શ્રમનિષ્ઠા, શિખવાની ધગશ અને એકાગ્રતાને કારણે તેઓ નામાંકિત વૈજ્ઞાનિક તરીકે પ્રખ્યાત થયા.

# ચૂંટણી પંચ સામે પ્રશ્નાર્થો

**તંત્રીસ્થાનેથી...**

બીજા તબક્કાની ચૂંટણીમાં પણ પહેલા વખતે થયેલી એવી જ ફરિયાદો સામે આવી છે. ઈવીએમની ગરબડો, મતદાન નહીં કરવા દેવાની ફરિયાદો, મારામારી - આ બધું જાણે ચૂંટણીપંચનો અને દેશના મતદાતાઓની નિયતિ બની ગયેલ છે.ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે પણ પ્રશ્નાર્થો ઊભા થયા છે. તમિલનાડુમાં એકી સાથે ૩૯ બેઠકોનું મતદાન યોજાવાનું હતું. વિપક્ષના એક નેતા અને ઉમેદવાર પાસે કરોડો રૂપિયા પકડાતાં એક બેઠકની ચૂંટણી બંધ રાખવી પડી છે. પ્રકાંડ તમિલ સાક્ષર અને દ્રવિડ નેતા એમ. કરુણાનીધિની અને એમનાં કટ્ટર પ્રતિસ્પર્ધી અન્ના દ્રમુકનાં સર્વોચ્ચ્ નેતા જયલલિતાની ગેરહાજરીમાં આ પહેલી ચૂંટણી થઈ રહી છે. બેઉ પક્ષે નેતૃત્વનો શૂન્યાવકાસ સરજાયેલો છે છતાં દ્રવિડ માનસિકતા ધરાવતી પ્રજા માટે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ જેવા ઉત્તર ભારતીય રાજકીય પક્ષો અસ્પૃશ્ય જેવા બની ગયેલ છે. બેઉ રાષ્ટ્રીય પક્ષો પણ આ વાત સાનમાં સમજી ગયેલ હોઈ એમણે ગઠબંધનનું રાજકારણ અપનાવ્યું છે. અન્નાદ્રમુક હાલ રાજયસ્તરે સત્તાધારી પાર્ટી છે પરંતુ એમાં નેતૃત્વની કટોકટી સરજાયેલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહેરબાની પર જ રાજયમાં એની સત્તા ટકી રહી છે. વિધાનસભાની ખાલી પડેલી બેઠકોમાં અને લોકસભા સાથે જ યોજાઈ રહેલ પેટાચૂંટણીમાં સરખું પરિણામ ન મળે તો સત્તાથી હાથ ધોવા વારો આવે એમ છે. કોંગ્રેસના ગણિતબાજોએ દક્ષિણ ભારતમાં સારો દેખાવ કરવાની અનિવાર્યતા પ્રમાણીને જ રાહુલ ગાંધીને વાયનાડ જેવી ત્રણ રાજયોના ત્રિભેટે આવેલી બેઠક પર ઉમેદવારી કરાવી છે. કોંગ્રેસનો વિશેષ મદાર એણે જીતેલાં ત્રણ હિંદી પટ્ટાનાં રાજયો જેટલો જ દક્ષિણ ભારત પર છે. આંધ્રમાં ઈવીએમ મશીનોની ગરબડ અને વાયએસઆર કોંગ્રેસના નેતા જગનમોહનના જોર સામે કોંગ્રેસ કેવો અને કેટલો દેખાવ કરી શકશે તે પ્રશ્ન છે. વર્તમાન મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ કોંગ્રેસ સાથે બેસીને જબરો જુગાર ખેલ્યો છે. બંગાળમાં મમતા બેનરજીની હાલત પહેલાં જેવી મજબૂત નથી રહી. ભારતીય જનતા પાર્ટીના ચાણક્ય અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષોને વીણી વીણીને સાફ કરવાની રાજનીતિના ભાગરૂપે એમના હસ્તક રહેલી સીબીઆઈ, એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ અને ઈન્કમટેક્ષ જેવી સંસ્થાઓ મારફત દરોડાનું ભયંકર શસ્ત્ર ઉગામી ઘણા બધા વિપક્ષી નેતાઓની આબરૂના ધજાગરા ઉડાડી દીધા છે. ચૂંટણીના જ દિવસોમાં વિપક્ષી પાર્ટીઓ પર આ પ્રકારના દરોડા પડાવવાનું કેટલું ઔચિત્ય ગણાય તે ચૂંટણીપંચ પણ નક્કી કરી શકતું નથી. ચૂંટણી પંચ સત્તાધારી પાર્ટી કે એના ગઠબંધન સાથીઓ પ્રત્યે આ મુદ્દે આંખ આડા કાન કરી રહ્યું હોવાના આક્ષેપો બુલંદ બની રહ્યા છે. વડાપ્રધાન બાલાકોટ ઍરસ્ટ્રાઈકનો જશ લેતા ફરે છે એની સામે ચૂંટણીપંચ મૌન છે. સાધ્વી પ્રજ્ઞા સામે આતંકી પ્રવૃત્તિઓ અંગેનો કેસ પડેલો છે. માત્ર તબિયતનાં કારણોસર એમને જામીન અપાયા છે. મહેબૂબા મુફતીએ નિવેદન કર્યું છે કે આવી જ રીતે જામીન પર છૂટેલા કોઈ કાશમીરના માણસને ઉમેદવાર બનાવાયો હોત તો કેવો હોબાળો મચાવી દીધો હોત ! ભાજપ માટે માપિયાં જુદાં કેમ ? ચૂંટણીના છેલ્લા દિવસ સુધી આવો ઊહાપોહ થતો રહેશે.

## અરે ! અભી ભેંસ ચારા ખા રહી હૈ ઓર તુમ દહીં બેચને કી બાત કર રહે હો ! ... ખયાલી પુલાવ મત પકાઓ...



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**અરે ! અભી ભેંસ ચારા ખા રહી હૈ ઓર તુમ દહીં બેચને કી બાત કર રહે હો ! ... ખયાલી પુલાવ મત પકાઓ...**

**- હેરાફેરી**

પ્રિયદર્શન દિગ્દર્શિત 'હેરાફેરી' હાસ્યનાં મહાકુંભ સમાન ફિલ્મ હતી. પરેશ રાવલ, અક્ષય કુમાર અને સુનિલ શેટ્ટી અભિનિત આ ફિલ્મના સંવાદ આપણા ગુજરાતી સંવાદ લેખક નીરજ વોરાએ લખ્યા હતા. આ ફિલ્મથી જ 'બાબુરાવ ગણપતરાવ આપ્ટે' ઉર્ફે પરેશ રાવલનો નવો અવતાર આપણી સમક્ષ આવ્યો, તો વળી અક્ષયકુમારની કારકિર્દી માટે પણ આ ફિલ્મ પારસમણી સાબિત થઈ.

ઉપરોક્ત સંવાદ અક્ષયકુમાર પરેશ રાવલને ત્યારે કહે છે, જયારે બાબુરાવ પોતાના બધા લેણદારને બોલાવીને એક સાથે પૈસા લઈ જવાની વાત કહે છે. હજી પૈસા હાથમાં આવ્યા નથી, અને બાબુરાવ પૈસાની વહેંચણી ચાલુ કરી દે છે.

આવા જ અર્થસામ્યવાળી એક પંક્તિ 'સૌદરાનન્દ' નામક 'અશ્વઘોષ' કૃત કાવ્યમાં મળી આવે છે.

**અજાતવત્સાં યદિ ગાં દુહીત નૈવાપ્નુયાત્ ક્ષીરમકાલદોહી ।**

**- સૌદરાનન્દ ૧૬-૫૦**

જે ગાયને હજી વાછરડું જન્મ્યું નથી, તેને જો કોઈ દોહવા લાગે, તો તેને દૂધ મળવાનું નથી.

મહાકવિ અશ્વઘોષે 'બુદ્ધ ચરિતમ્', 'સૌદરાનન્દકાવ્યમ્', 'ગંડીસ્તોત્રગાથા' અને 'શારિપુત્રપ્રકરણમ્' આ ચાર કૃતિઓની રચના કરી છે.

અશ્વઘોષ બૌદ્ધ મહાકવિ અને દાર્શનિક હતા. તેમનો સમય પ્રથમ શતાબ્દીનો અંત અને દ્વિતીય શતાબ્દીનો આરંભ માનવામાં આવે છે. તેમનો જન્મ અયોધ્યામાં થયો હતો. તેમની માતાનું નામ સુર્ણાક્ષી હતું.

'સૌદરાનન્દ' કાવ્ય '૧૮' સર્ગમાં વિભાજિત છે. આ ગ્રંથ 'બુદ્ધ'ના ઓરમાન ભાઈ આનંદનું બૌદ્ધ ધર્મમાં દીક્ષિત થવાના પ્રસંગ પર આધારિત છે. કાવ્યદષ્ટિએ આ ગ્રંથ બુદ્ધચરિતની અપેક્ષાએ વધુ સ્નિગ્ધ અને સુંદર છે.

મહાકવિ અશ્વઘોષ અને આપણા ગુજ્જુ નીરજ વોરાનાં સંવાદોનું તારતમ્ય કેવું છે! સંસ્કૃત સાહિત્યનો જોટો કયાંક મળે તેમ નથી. અહીં બધું જ હજારો વર્ષ પહેલા કહેવાઈ ચૂક્યું છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## રવિવારે વાર્તાવાચિકમ્ કાર્યક્રમ યોજાશે



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા માતૃભાષા ગુજરાતીના યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં; કાર્યક્રમ 'વાર્તાવાચિકમ્, કાવ્યપઠન, નાટક (એકાંકી) પઠન તથા તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગત એક કાર્યક્રમ તા. ૨૧-૦૪-૧૯ને રવિવારે બપોરના ૧ થી ૪ દરમિયાન, ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડમાં, સેકટર-૧૨, 'ગ-રોડ', ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. આ સાહિત્યિક કાર્યક્રમમાં વાર્તાકાર અને કવિ રામભાઈ સોલંકી (જાસપુર) સ્વરચિત કાવ્યોનું સ્વમુખે પઠન કરશે તથા તેઓ લિખિત વાર્તા 'બૃહન્નલલ્લા'નું વાંચન કરશે; જયારે સાહિત્યકાર અરવિંદભાઈ માર્ડન (અમદાવાદ), તેઓ દ્વારા લિખિત એકાંકી નાટક 'સફરના કંટક' નું પઠન કરશે અને ત્યારબાદ, આ રજૂ થયેલ કૃતિઓ અન્વયે પીઢ કવિઓ-લેખકો, વિચાર-વિમર્શ કરી, સમીક્ષા - વિવેચન કરશે. આથી આ સાહિત્યિક કાર્યક્રમને માણવા અચૂક પધારવા ડૉ. મોહન પરમાર, પ્રા. યશવંત વાઘેલા અને મૂળજીભાઈ પરમાર દ્વારા સંસ્થાના સભ્યો, સાહિત્યરસિકો-ભાવકો અને મહાનુભાવોને જાહેર હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● સાહિત્ય અને કવિ ડૉ. મહેશભાઈ દાફડા લિખિત એક સાથે ચાર ચાર પુસ્તકો (૧) આંસુના તોરણ (૨) ઓળખ (૩) દલિત સમુદાયનો વિકાસ અને (૪) અધૂરા ઓરતાનો વિમોચન અને લોકાર્પણ કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો, જેમાં નામાંકિત સાહિત્યકારો, સર્જકો અને ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મહેશભાઈને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભકામનાઓ.

muljibhaidadhi@gmail.com,Mo. 9824236893

# ધરતીની અમીરાત : જયમલ્લ પરમારની પાવન સ્મૃતિ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

છેલ્લા દોઢ દાયકાથી દર વર્ષે પૂ. મોરારીબાપુના સાનિધ્યમાં કવિ દુલા ભાયા કાગ (ભગતબાપુ)ની સ્મૃતિ વંદનાનો ગૌરવશાળી કાર્યક્રમ થાય છે. ભગતબાપુના ગામમાંજ તથા તેમની ચેતનાની શાક્ષીએ થતા મજાદર ગામના આ પ્રસંગમાં અનેક સાહિત્યપ્રેમી લોકો અંતરના ઉમળકાથી જોડાય છે. આ કાર્યક્રમમાં કાગ એવોર્ડ આપવા ઉપરાંત 'કાગના ફળિયે કાગની વાતુ' એ સૂચક તથા સુચારું નામથી કવિ કાગના જીવન તથા સાહિત્ય ઉપર વિદ્વાન વક્તાઓ પોતાના વક્તવ્ય રજૂ કરે છે. આ ઉપરાંત લોકસાહિત્યના સુવિખ્યાત કલાકારો પોતાની વાણીનો મુક્ત પ્રવાહ કાગની ભૂમિ પર વહાવે છે. આ વર્ષે તા.૧૦ માર્ચ ૨૦૧૯ના દિવસે આ કાર્યક્રમ થયો તેમાં સમર્થ વિદ્વાન તથા લોકસાહિત્યના મર્મજ્ઞ જયમલ્લભાઈ પરમારના પુનઃ મુદ્રિત પુસ્તક 'ધરતીની અમીરાત' નું વિમોચન પણ મોરારીબાપુના કરકમળોથી કરવામાં આવ્યું. કવિ કાગના મિત્ર તેમજ સહકર્મી એવા જયમલ્લ પરમારની સ્મૃતિ કાગના ફળિયે પુનઃ જીવંત થઈ એ અનેક લોકો માટે સુખદ સુયોગ સમાન વાત હતી. પ્રવીણ પ્રકાશન રાજકોટે કરેલી તથા નવસંસ્કરણ પામેલી આ કૃતિ જોતાં જયમલ્લ પરમારના સંશોધક – સંપાદક તરીકેના એક ભાતીગળ સ્વરૂપની પ્રતિતિ થાય છે. જયમલ્લ પરમાર તથા નિરંજન વર્મા (નાનભા બારહટ્ઠ)ની મજબૂત જોડીએ રાણપુર જઈને ઝવેરચંદ મેઘાણીનો ભાર થોડો હળવો કર્યો હતો તે જાણીતી વાત છે. ''ધરતીની અમીરાત'' પુસ્તકમાં પ્રસિધ્ધ થયેલી કથાઓ સુંદર વિષય વસ્તુ ધરાવતી, મનોહર, સચોટ તેમજ વૈભવયુક્ત હોવાનું ખોડીદાસ પરમારનું વિધાન યથાર્થ છે. જયમલ્લ પરમાર ૧૯૩૯ થી ૧૯૪૨ દરમિયાન મેઘાણી સાથે રાણપુરમાં રહ્યા અને લોકસાહિત્યના વિભિન્ન વિષયોને લઈને સંશોધનની સ્વસ્થ તથા સમતોલ લેખમાળાઓ ચલાવી. 'ઊર્મિ નવરચના' ના માધ્યમથી પણ આ કામ આગળ ચાલ્યું. આ બધા લેખોની 'ફૂલછાબ' માં પ્રસિધ્ધ થયેલી લેખમાળાઓ સદાબહાર તેમજ લોકપ્રિય બની હતી તેમ 'ફૂલછાબ' ના પૂવ તંત્રી હરસુખ સંઘાણીની વાત આ લેખમાળાના લેખોની ગુણવત્તા તરફ નિર્દેશ કરે છે. 'ધરતીની અમીરાત' પુસ્તકમાં કથાઓનું આલેખન સરળ તેમજ નિરાડંબરી છે. જોગીદાસ ખુમાણને સંબંધિત એક કથામાં તેમજ તુલસીશ્યામના પવિત્ર સાધુ શામજી મહારાજનો સંવાદ વાંચીને બહારવટીયાના પણ દિલમાં રહેલી ખાનદાની તથા ખમીરના આબેહૂબ દર્શન થાય છે. આવી વાતોના સંશોધન – સંપાદન થકી જે તે ધરતીની અનોખી સૌરભનો પરિચય આવતી અનેક પેઢીઓ સુધી વિસ્તરે છે. 'ધરતીની અમીરાત' જેવા પુસ્તકની તેમાંજ યથાર્થતા રહેલી છે.

જયમલ્લભાઈ પરમાર એ એક વિરલ તથા ઉજળા સાહિત્ય સર્જક/સંપાદક છે કે જેઓ આજે પણ તેમના સર્જનો દ્વારા લોકસાહિત્ય પ્રેમીઓના દિલમાં જીવંત છે. વર્ષ ૨૦૧૧ ના નવેમ્બર માસમાં તેમની જન્મ શતાબ્દીની યાદગાર ઉજવણી કરવામાં આવી. ગુજરાતના અલગ અલગ શહેરોમાં કાર્યક્રમો થયા. શરૂઆત જયમલ્લભાઈની કર્મભૂમિ રાજકોટથી કરવામાં આવી. રાજકોટના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મોરારીબાપુએ જયમલ્લભાઈનું એક સાહિત્યકાર તરીકે તેમજ એક માનવી તરીકે ઊંચુ મૂલ્યાંકન કર્યુ. કોઈ સાહિત્યકારની જન્મ શતાબ્દીના સંદર્ભમાં તેમજ ત્યાપછીના વર્ષોમાં પણ આટલા કાર્યક્રમો થાય તેવી ઘટનાઓ ઓછી જોવા મળે છે. દરેક કાર્યક્રમમાં વ્યાપક જનસમૂહની હાજરી એ નોંધપાત્ર ઘટના ગણાય. ઝવેરચંદ મેઘાણી કેન્દ્ર, રાજકોટના સહયોગથી પણ અનેક કોલેજોમાં જયમલ્લભાઈના સાહિત્યને કેન્દ્રમાં રાખીને કાર્યક્રમો થાય છે. યુવાનો સુધી પહોંચવાનો આ પ્રશંસાપાત્ર પ્રયાસ છે.

કવિ શ્રી કાગ (ભગતબાપુ)એ કહ્યું હતું કે મેઘાણીભાઈએ સૌરાષ્ટ્રની રસધાર લખી તેમજ જયમલ્લભાઈએ સૌરાષ્ટ્રનો રસધોધ વહાવ્યો છે. તેમના વ્યક્તિત્વની ખરી ખૂબી એ છે કે તેઓ લોકસાહિત્યના પૂર્ણ અર્થમાં મર્મિ છે અને તેની કોઈ નબળી બાબતો જણાય તો તેને પણ તેઓ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. કેટલીક વખત લોકસાહિત્યના નામે કોઈ વિકૃત રજૂઆતો થતી હોય તો સ્પષ્ટ શબ્દોમાં પોતાની નારાજગી વ્યક્ત કરે છે. ચોકસાઈ, પ્રમાણપ્રિયતા, તર્કબધ્ધતા તથા અનાગ્રહિતાના આધારે તેમણે સંશોધનનું કામ દિપાવ્યું છે. જયમલ્લ પરમાર ખરા અર્થમાં લોકસાહિત્યના ધૂળધોયા હતા. મેઘાણી પછી જયમલ્લ પરમારે લોકસાહિત્યના સંશોધન તથા સંપાદનનું કામ આગળ વધાર્યું છે.

આઝાદીના સંગ્રામમાં પણ ગાંધી ચીંધ્યા માર્ગે તેમજ રતુભાઈ અદાણીના માર્ગદર્શન પ્રમાણે લડત ચલાવવામાં જયમલ્લભાઈનો ઘણો મોટો ફાળો છે. એ સમયમાં જે લોક ચેતના પ્રગટી હતી તે અસાધારણ હતી. તેમણે તે કાળના જનજીવનની ચેતના વિશે લખતા સુંદર વાત કરી છે કે ગામડાના લોકો પણ ભયમુકત થઈને ગાંધીના સૈનિકોનું ભાવથી સ્વાગત કરતા. ખાદીના વસ્ત્રો ધારણ કરનારા અને સમાજમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરનારા આ લોકસેવકો પ્રત્યે લોકો આદરથી - અહોભાવથી જોતા તથા તેમને 'ગાંધીના માણસો' તરીકે પ્રેમથી પોંખતા હતા. તેમનું સન્માન કરતા હતા. ૧૯૪૨ની 'હિન્દ છોડો' લડતના સમયે અનેક આગેવાનો રાણપુર આવતા અને મહાસંગ્રામનો અગ્નિ સતત પ્રજ્વલિત રહે તેના પ્રયાસો કરતા રહેતા હતા. નેતાઓનો ઉતારો મોટાભાગે 'ફૂલછાબ' માં રહેતો. ''સૌરાષ્ટ્ર'' તથા ત્યારપછી ''ફૂલછાબ'' તે સમયે રાણપુરથી પ્રકાશિત થતા હતા. રાણપુરમાં પત્રકારત્વના જે ધોરણો 'સૌરાષ્ટ્રના સિંહ' કહેવાતા અમૃતલાલ શેઠ તથા ઝવેરચંદ મેઘાણી દ્વારા સ્થાપવામાં આવ્યા તે પત્રકારત્વના ઈતિહાસનું એક ઉજળું સોપાન છે. અમૃતલાલ શેઠ, મેઘાણીભાઈ તથા જયમલ્લભાઈની ત્રિપુટી આ લડતમાં મહત્વના સ્થાને હતા અને સતત સક્રિય રહેતા હતા. સૌરાષ્ટ્રના પછાત વર્ગના કલ્યાણ માટેનું બોર્ડ પણ ખરા અર્થમાં આ વર્ગોના ઉત્થાનનું કામ કરે તે માટે જયમલ્લભાઈએ સક્રિય ભૂમિકા ભજવી હતી. આ કોમોના ભાતીગળ ઈતિહાસની વાતો એકઠી કરવાનું તેમજ તેને ગ્રંથસ્થ કરવાનું ઐતિહાસિક કામ જયમલ્લભાઈએ પૂરી નિષ્ઠાથી કર્યુ. એકયાશી વર્ષની અર્થપૂર્ણ રીતે જીવાયેલી જિંદગીમાં તેમણે કેટલા બધા કામો હાથ પર લીધા અને તેમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું ! કાગધામમાં 'ધરતીની અમીરાત' ના વિમોચનથી ફરી એક વખત જયમલ્લભાઈની મધુર સ્મૃતિ તાજી થઈ છે.

# મહાત્માની મીઠાના કડવા કર સામે લડત : 'આજમા કે દેખ લિયા'



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ જ્યારે મીઠાના કર સામે લડત ઉપાડીને જ્યારે કૂચ કરવાનો વિચાર રજૂ કર્યો ત્યારે સરદાર પટેલ સહિત અનેક સાથીઓએ તેનો વિરોધ પણ કર્યો હતો તો રાજેન્દ્રપ્રસાદ જેવા સાથીએ એવો પણ વિચાર રજૂ કર્યો કે મીઠું તો દરિયાકાંઠે જ પાકે, ભારતમાં જે વિસ્તારોમાં દરિયોના હોય અને મીઠું પાકતું ન હોય ત્યાં ત્યાં જે તે સ્થાનિક પ્રશ્નોને ધ્યાનમાં લઈને સત્યાગ્રહ શરૂ કરવો જોઈએ. જોકે ગાંધીજીએ આ બાબતને પણ સ્વીકારી નહીં. તેમણે કહ્યું કે મીઠું એ દરેકને સ્પર્શતી બાબત છે. એટલે મીઠા નાકર સામે જ વિરોધ થવો જોઈએ. જો કોઈ પ્રદેશમાં મીઠું પાકતું ન હોય તો ત્યાં પ્રતીકાત્મક રૂપે જાહેર સ્થળો ઉપર મીઠું પકવવાનો પ્રયાસ કરીને સરકારની સામે પોતાનો વિરોધ નોંધાવવો જોઈએ. મોતીલાલ નહેરુએ પણ ગાંધીજીને મીઠાની લડત સામે પત્ર પાઠવીને એવો પ્રશ્ન કર્યો હતો કે' ઈસસે હોગા ક્યા' અને ગાંધીએ ટૂંકો ને ટચ જવાબ આપ્યો: 'આજમા કે દેખ લો'. મોતીલાલ નહેરુએ ગાંધીનો આદેશ માથે ચડાવ્યો. અલ્હાબાદમાં પ્રતીકાત્મક રીતે મીઠું પકવવાના પ્રયાસ બદલ પોલીસે તેમની ધરપકડ કરી. તેમણે ગાંધીને વળતી ટપાલ લખી કે 'બાપુ આજમા કે દેખ લિયા'. આમ દેશભરમાં મીઠું પાકતું હોય કે ન પાકતું હોય પણ મીઠા ઉપરનો વેરો ભારતના ભારતીયોને પરેશાન કરી રહ્યો છે એ મુદ્દા ઉપર વ્યાપક જનમત જાગૃત થયો અને ૧૯૧૫માં સ્વદેશ પરત આવેલા મહાત્માને દોઢ દાયકા પછી સમગ્ર ભારતીયોને સત્ય અને અહિંસાના સૂત્ર સાથે એક સમાન રીતે સાંકળવામાં સફળતા મળી. ગાંધીજીએ જે વિચાર્યું હતું એવું જ થયું માત્રને માત્ર વિરોધ આંદોલન મીઠા મીઠાના કરની સામે કેન્દ્રિત કરીને તેમણે એક જ આંદોલન દ્વારા સમગ્ર ભારતીયોને જોડી દીધા. મહાત્મા ગાંધી માટે એ બાબત પણ ખૂબ જ ઉપકારક રહી કે સરદાર પટેલ હોય કે રાજેન્દ્ર બાબુ હોય કે હોય મોતીલાલ નહેરુ તેમણે ગાંધીની વાત ઉપર ભલે પોતે સંમત ના હોય પરંતુ વિશ્વાસ મૂક્યો. વિશ્વાસ મૂક્યો એટલું જ નહીં પોતાની અસંમતિ હોવા છતાં પણ ગાંધીજીએ જે સૂચવ્યા પ્રમાણેના કાર્યક્રમો પણ તેમણે આપ્યા અને પ્રદેશે-પ્રદેશે જનસામાન્યને સ્વરાજની લડતમાં જોડી દેવાનું બહુ મોટું કામ કર્યું. ગાંધીજીના એક સુકાની તરીકેના કાર્યોનું ઉમદા અને ઉજ્જવળ પાસું આ છે. તેમની સાથે જોડાયેલા પૈકીનો એક પણ નેતા મહાત્મા ગાંધીના વિચારના સામા છેડે હોય તોપણ તેમની સામે પડ્યા હોય એવું બન્યું જ નહીં. ગાંધીજીની લડતમાં જ અને ગાંધીની લડતમાં જોડાયેલાઓ સાથી નેતાઓમાં દેશમાં લોકશાહી આવીએ પહેલાથી ભિન્ન મત લોકશાહીનો આદર્શ છે એ વાત સ્પષ્ટ રીતે આમ જોવા મળે છે મત-મતાંતર કે મતભેદ થયો હોય પણ મનભેદ ક્યારેય ન થયો. સ્વાતંત્ર્યની લડતમાં ગાંધીજીની આ આગવી કુશળતાનો એક અલગથી જ સંશોધનાત્મક અભિગમ સાથે અભ્યાસ કરવા જેવો છે.

**લોકશાહી આવી એ પહેલાં ય ગાંધીજીની લડતમાં ભિન્ન મત લોકશાહીનો પ્રાણ છે એ આદર્શ ઘૂંટાયેલો હતો**

મહાત્મા ગાંધીએ દાંડીકૂચમાં ના-કરની સાથે આગવી રીતે સ્થાનિક પ્રશ્નોને પણ વાચા આપવાનું કામ કર્યું. પરંતુ આ કામ પહેલા તેમણે પ્રત્યેક ભારતીયને મીઠા ના કર ની લડતમાં જોડીને જ કામ શરૂ કર્યું. ૧૯૩૦ની ૬ઠ્ઠી એપ્રિલે ચપટી મીઠું ઉપાડયા પછી સ્વાતંત્રની લડતમાં મહિલાઓને જોડવાનું ઉત્તમ કામ તેમણે કર્યું. લડત દરમિયાન પણ એમણે ઘણા બધા એવા કામો કર્યા કે જે કામો કરાવવામાં વર્ષોના વર્ષો જાય. માત્ર એક જ કામ મહિલાઓને સ્વાતંત્ર્યની લડતમાં જોડીને દારૂના પીઠા બંધ કરાવવા માટે પીકેટીંગની વાત હોય કે આડપેદાશ તરીકે મહિલાઓને ઘરની ચાર દિવાલોમાંથી બહાર લાવવાનું કામ હોય ગાંધીજીએ બહુ જ સરળતાથી આ કામ કરી નાખ્યું અને એટલે જ મહિલા ઉત્થાન ક્ષેત્રે કાર્યરત મહર્ષિ કર્વેજી એ કહ્યું હતું કે મહિલાઓના વિકાસ માટે અમે જે કામ ત્રણ ત્રણ દાયકાથી કરતા હતા પરંતુ સફળતા નહોતી મળતી એ જ કામ ગાંધીજીએ માત્ર ગણતરીના દિવસોમાં જ કરી દીધું. બાપુએ માત્ર દાંડીના દરિયે ચપટી મીઠૂં જ ના ઉપાડ્યું પણ ચપટી વગાડ્યા વગર સદીઓના અઘરા કામો ઉકેલી નાંખ્યા હતા.

ગાંધીજી અને તેમના કૂચ સૈનિકોએ આશ્રમથી જ્યારે દાંડી તરફ જવા માટે પ્રસ્થાન કર્યું ત્યારે હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ગાંધીજીની સાથે જ ચાલવા લાગ્યું હતું. ચંડોળા તળાવ સુધી મોટી સંખ્યામાં માણસો જોડાયા હતા આ હજારો નગરજનોને ગાંધીજીએ પાછાવળવા આગ્રહ કરતાં મહાત્માએ કહ્યું કે ×તમે બધા પ્રેમને વશ થઈને આવ્યા છો આગલી રાતે તો આશ્રમની આસપાસ પડી રહ્યા હતા. તમે મારા પર આટલો બધો પ્રેમ બતાવો છો તો તમે ખાદીનું કામ કરો, પરદેશી કાઢો, રેંટિયો ચલાવો, દારૂ છોડો અને બીજા પાસે પ્રેમપૂર્વક છોડાવો ,અંત્યજો સાથેનો ભેદભાવ ભૂલો. હું ક્યાં સુધી રહી શકીશ તે કહેવાય નહીં તોય તમારા બળે મારે છૂટવું છે×. પણ ગાંધીજીની પાછા ફરવાની વાત લોકોને ગળે ઉતરતી ન હતી. ગાંધીજીની અરજ છતાં પણ હજારો માણસો છેક અસલાલી સુધી સાથે જ રહ્યા.

અસલાલીમાં તેમણે કરેલા ભાષણમાં સરદાર સાહેબને યાદ કરતાં કહ્યું કે 'મારો અને સરદાર નો એક જ સંદેશ છે ગામડે ગામડે મીઠાના અન્યાય કરનો સંદેશો પહોંચાડવો છે'. આખા દેશમાં મીઠા ઉપર જુદો-જુદો કર લેવાય છે તે અન્યાય છે, એની સામે લડતમાં સૌથી પહેલા સરદારે ધરપકડ વહોરી છે. તેઓ જ્યારે જેલમાંથી આવશે ત્યારે તમારી પાસે હિસાબ માગશે, હિસાબ લેવાનો તેમને અધિકાર છે કારણકે જ્યારે ભયંકર પુર આવ્યા ત્યારે તેમણે હજારોને બચાવ્યા હતા. જ્યારે મરકીની સમસ્યા આવી ત્યારે સેવા આપી હતી અને બારડોલીમાં વિજય અપાવ્યો હતો.

ગાંધીજીએ કૂચ દરમિયાન રસ્તામાં આવતા દરેક ગામડામાં રહેતા સૌને આ ખાદી પ્રચારના માટે સ્વયંસેવકોની ભરતી કરવાની વાત કરી અને એક એક ગામમાંથી સોથી દોઢસો સૈનિકો અને તેમણે તૈયાર કર્યા હતા. 'શુકન જોઈને સંચરજો' એવા ભાવવાહી ગીતો સાથે ગામની બહેનો દીકરીઓ દાંડીકૂચના સાથીઓને સાથે વધાવતી હતી. અને સેનાપતિ દરેક ગામમાં પોતે જે ઈચ્છતા હતા તે વાતો રજૂ કરતા હતા અને બહુ પ્રેમપૂર્વક સરકારી હોદ્દાઓ છોડાવતા પણ હતા. આખા ગુજરાતમાં ચરોતર વિસ્તારમાં પોલીસ પટેલના હોદ્દાઓ તેમણે દાંડીકૂચ દરમિયાન બહુ સરળતાથી છોડાવી દીધા હતા. 'આજે હું કહું એ સ્વીકારીને તમે રાજીનામા આપી દો અને કાલે જઈને કલેકટરને કહેશો કે મહાત્મા આવ્યા એટલે રાજીનામાં આપવા પડ્યા અને હવે પાછા ખેંચી લઈએ છીએ, જો દબાણને વશ રાજીનામા આપ્યા હોય તો હજી પણ પાછા ખેંચી લેજો', એમ સ્પષ્ટ સમજાવીને જ તેમણે પોલીસ પટેલોના રાજીનામાં અપાવ્યા હતા.

ગાંધીની દાંડીકૂચ દરમિયાનની વાતોને આપણે આગામી સપ્તાહોમાં ફરી પાછા યાદ કરીશું.